# કિસાન માધ્યમિક વિદ્યાલય,લુણાવાડા

## "દિવાળી કાર્ડ સ્પર્ધા"

તારીખ : 10/10/2026

આપણા દેશમાં વિવિધ ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ખૂબ ધામધૂમથી થાય છે. દિવાળીનો તહેવાર પ્રકાશ,આનંદ અને ઉલ્લાસના પર્વ તરીકે જાણીતો છે. દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને કૌશલ્ય વિકાસ માટે અમારી શાળામાં દિવાળી કાર્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સ્પર્ધાનો હેતુ:-

- વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને કલાત્મક કૌશલ્યનો વિકાસ કરવો.
- તહેવારો પ્રત્યે આનંદ ઉત્સાહ અને સાંસ્કૃતિક સમજ વિકસાવવી.
- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સ્પર્ધાત્મક ભાવના કેળવવી.

**સ્પર્ધાનું આયોજન અને અમલીકરણ :-** દર વર્ષની જેમ આ વર્ષે પણ અમારી શાળામાં ઓક્ટોબર મહિનાના પ્રથમ સપ્તાહ દરમિયાન દિવાળી કાર્ડ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો વિદ્યાર્થીઓએ પોસ્ટકાર્ડ, ચાર્ટ પેપર,વિવિધ રંગો, રંગીન કાગળ તેમજ સુશોભન સામગ્રીઓનો ઉપયોગ કરીને ખુબ સુંદર દિવાળી કાર્ડ તૈયાર કર્યા હતા. કાર્ડમાં દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા વિવિધ સંદેશાઓ લખી પોતાના મનોભાવને વ્યક્ત કર્યા હતા.

**સ્પર્ધાનું મહત્વ:-** આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને પોતાની કલ્પનાશક્તિ અને કલાશક્તિ પ્રદર્શિત કરવાની તક મળી હતી. વિદ્યાર્થીઓએ નવીન વિચારો દ્વારા વિવિધ પ્રકારના સુંદરકાંડ બનાવ્યા હતા. આ પ્રવૃત્તિથી તેમની એકાગ્રતા,ધીરજ, હાથની કુશળતાનો વિકાસ થયો હતો.સાથે સાથે પર્યાવરણને અનુકૂળ અને પુન:ઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરવાની સમજ પણ વિકસાવી શકાય છે.

**પરિણામ:-** શ્રેષ્ઠ કાર્ડની પસંદગી સર્જનાત્મકતા, સ્વચ્છતા, આકર્ષક રજૂઆત,નવીનતા અને રૂઢિગત પરંપરાઓની જાળવણીના આધારે કરવામાં આવી હતી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### વિજેતા વિદ્યાર્થીઓના નામ:-

(1) ભાભોર ખુશબુ વિક્રમસિંહ ધોરણ:-11-B

(2) માછી માનસી સંજયભાઈ ધોરણ:-11-B

(3) પ્રજાપતિ દિવ્યા દિલીપભાઈ ધોરણ:-11-B

દિવાળી કાર્ડ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને પોતાની કલાત્મક પ્રતિભા રજુ કરવાની સુંદર તક મળી હતી. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.




CONGRATULATIONS











Happy Diwali

HaPPy
